CP-22

ગાંધીનગર ખાતેની ઇન્દ્રોડા સર્કલ પાસેની માર્ગ અને મકાન વિભાગ હસ્તકની જમીન ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લી.ને મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-2 સારૂ રેલ ડેપો તેમજ અન્ય આનુષાંગીક પ્રવૃતિઓ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તક મૂકવા બાબત.

**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃ એલએનડી/૧૦૨૦૧૧/૨૨૬૩(૭૩૪)/આર-૧.**
**સચિવાલય,ગાંધીનગર**
**તા.૧૨/૦૩/૨૦૨૧**

વંચાણે લીધાઃ-

1) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના તા.૦૩/૦૩/૨૦૨૦ તથા તા.૨૭/૧૦/૨૦૨૦ની રજૂઆત.

2) માન. મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં મળેલ તા.૦૩/૦૭/૨૦૧૨ની મીટીંગની કાર્યવાહી નોંધ.

Ph-II 3) મહેસુલ વિભાગના તા.૧૭/૦૫/૧૭ના ઠરાવ ક્રમાંક : જમન/૧૦૧૬/૮૪૨/અ-૧

Pha-II

**:: આમુખ ::**

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લી. તરફથી મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-2 (મોટેરા અમદાવાદ થી મહાત્મા મંદિર ગાંધીનગર) અંતર્ગત રેલ ડેપો અને તેના જેવી આનુષાંગિક પ્રવૃત્તિ માટે ગાંધીનગર શહેરી વિસ્તારના ચ-૦ સર્કલ એટલે કે ઇન્દ્રોડા સર્કલ નજીકની અંદાજિત ૨૩ હેક્ટર જમીન ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લી.ને આપવા વંચાણે લીધા ક્રમાંક (1)થી અત્રે દરખાસ્ત સાદર કરેલ. સદરહું બાબતે વંચાણે લીધા ક્રમાંક (2) સામેની કાર્યવાહી નોંધ અન્વયે સંસ્થા દ્વારા જમીનનો કબજો લેવામાં આવેલ. તદનુસાર બાબત સરકારશ્રી કક્ષાએ વિચારણાધીન હતી.

**:: ઠરાવ ::**

સરકાર કક્ષાએથી પુખ્ત વિચારણાના અંતે ગુજરાત મેટ્રો કોર્પોરેશન લી.ની દરખાસ્ત અન્વયે મહેસુલ વિભાગના તા.૧૭/૦૫/૧૭ના ઠરાવની "મેગા તરફથી ડેપો અને સ્ટેશન તેમજ આનુષાંગીક કામ માટે માંગવામાં આવેલ જરૂરીયાતની જમીન જંત્રી ભાવે મેગાને આપવાની રહેશે અને તે રાજ્ય સરકારના સબ ઓર્ડીનેટ ડેબ્ટના ફાળા તરીકે મેગાને અપાય તેવી વ્યવસ્થાની ગોઠવણી કરવાની રહેશે" આ જોગવાઇને

ધ્યાને લઇ નીચેની શરતોને આધીન મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-2 માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લી.ને આપવા સારૂ સવાલ હેઠળની જમીન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તક મુકવાનું આથી ઠરાવામાં આવે છે.

**શરતો :**

1) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે જમીનનો કબજો મેળવવા માટે કલેક્ટરશ્રી,ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહેશે.

2) જે હેતુ માટે જમીન આપવામાં આવેલ છે તે હેતુ માટે જ જમીનનો ઉપયોગ કરવાનો રહેશે.અન્ય કોઇ હેતુ માટે જમીનનો ઉપયોગ કરી શકાશે નહી.

3) સબંધિત સંસ્થા દ્વારા જમીનનો કબજો મળ્યા બાદ છ માસમાં બાંધકામના પ્લાન અને નકશા ગાંધીનગર મહાનગરપાલિકાની મંજુરી માટે મોકલવાના રહેશે. સરકારના વખતોવખતના બિલ્ડીંગ રૂલ્સ અને રેગ્યુલેશન મુજબનું બાંધકામ જમીનનો કબજો મળ્યાની તારીખથી ૨(બે) વર્ષમાં પૂર્ણ કરવાનો રહેશે તથા ગાંધીનગર મહાનગરપાલિકા પાસેથી વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ બાંધકામનો ઉપયોગ કરવાનો રહેશે.

4) આ જમીનના વેરા જેવા કે બીન ખેતી ધારો, લોકલ ફંડ તથા અન્ય વેરા જે હાલ અમલમાં હોય કે ભવિષ્યમાં જે તે સક્ષમ અધિકારી નક્કી કરે તે નિયમિત રીતે ભરવાના રહેશે.

5) સદર જમીન માર્ગ અને મકાન વિભાગની પૂર્વ મંજુરી વિના બારોબાર કોઇને પણ તબદીલ, ફેરબદલી કે વેચાણ કરી શકાશે નહી કે તેમાં કોઇ ત્રાહિતનું કોઇ જાતનું હિત ઊભુ કરી શકાશે નહી.

6) સદરહું જમીન સંદર્ભે ભવિષ્યમાં જો કોઇ કાયદાકીય/વૈધાનિક બાબતો ઉપસ્થિત થાય તો તે અંગે કલેક્ટરશ્રી,ગાંધીનગરે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરામર્શમાં કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને તેની અત્રે જાણ કરવાની રહેશે.

7) આ જમીનમાં જો વૃક્ષો આવેલા હોય અને દુર કરવાના થાય તો શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે વન અને પર્યાવરણ વિભાગ દ્વારા નક્કી કરેલ નીતિ મુજબ જરૂરી મંજુરી મેળવવાની રહેશે.

8) સદર બાબતે મહેસુલ વિભાગના ઠરાવની જોગવાઇ ધ્યાને લઇ જંત્રીની કિંમત કલેક્ટરશ્રી, ગાંધીનગર મારફતે મેળવી તદનુસાર ગુજરાત સરકારના કામકાજના નિયમો મુજબ સરકારશ્રી/મંત્રીમંડળની નિયમાનુસાર મંજૂરી મેળવવાની થતી હોય તો તે અંગેની કાર્યવાહી સબંધીત વિભાગ અર્થાત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે હાથ ધરવાની રહેશે.

9) ઉપરોક્ત શરતો પૈકી કોઇપણ શરતના ભંગ બદલ નિયમોનુસાર જરૂરી શરતભંગ માટેની કાર્યવાહી કલેક્ટરશ્રી- ગાંધીનગર દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરામર્શમાં કરવાની રહેશે તે બાબત માર્ગ અને મકાન વિભાગને ધ્યાને મુકવાની રહેશે. આવા કિસ્સાઓમાં કોઇપણ જાતનું વળતર ચુકવ્યા વિના સદરહું જમીન માર્ગ અને મકાન વિભાગ હસ્તક પરત લેવામાં આવશે.

આ ઠરાવ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ ઉપર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા.૨૩/૧૨/૨૦૨૦, મહેસુલ વિભાગની તા.૦૭/૦૧/૨૦૨૧ તથા નાણા વિભાગની તા.૨૨/૦૧/૨૧ ની નોધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.વી.શુક્લ)
ઉપ સચિવ(વસવાટ)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

1) માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
2) માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
3) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4) અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5) અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6) કલેક્ટરશ્રી,ગાંધીનગર જિલ્લો,જિલ્લા સેવા સદન,સેકટર-૧૧,ગાંધીનગર.
7) મુખ્ય સ્થપતિ અને નગર નિયોજકશ્રી,નિર્માણ ભવન,સેકટર.૧૦,ગાંધીનગર.
8) અધિક્ષક ઇજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, બ્લોક નં.૧૧/૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, સે.૧૧, ગાંધીનગર.
10) એકાઉન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
11) શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૧.

નકલ રવાના:

૧. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લી., બ્લોક નં.૧, પ્રથમ માળ, કર્મયોગી ભવન, સે.૧૦/એ, ગાંધીનગર.